સ. મ. પ્રે. ગાં. (એચ)-૨૦૫૩-૫૦૦-૧૦-૮૦.

રાજ્યની શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ નક્કી કરવા બાબત.

# ગુજરાત સરકાર

## શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક પીઆરઈ-૧૧૮૦-૩૫૨૭૪-ક,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૮૦.

વંચાણમાં લીધા :— (૧) ભુતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઈ-૭૦૬૨-૭૯૨૫૧-ક, તા. ૨૮-૧-૬૩.

(૨) ભુતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઈ-૧૬૬૮-૫૪૯૮૯-ક, તા. ૨૫-૫-૭૦.

(૩) ભુતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગના સુધારા ક્રમાંક પીઆરઈ-૧૬૬૮-૭૨૨૫૭-ક, તા. ૧૧-૧૦-૭૦.

(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઈ-૧૧૭૬-૮૩૮૬૭-ક, તા. ૨૧-૨-૭૭.

(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઈ-૧૧૭૫-૧૫૦૮૫-ક, તા. ૧૩-૨-૭૯.

(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઈ-૧૧૭૫-૮૦૬૫૬-ક, તા. ૪-૨-૮૦.

### ઠ રા વ

સમગ્ર ગુજરાત રાજ્યની વિવિધ જીલ્લા શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકના પ્રમાણ અંગે શિક્ષણ વિભાગના તા. ૪-૨-૮૦ના સરકારી ઠરાવ ક્રમાંક પીઆરઈ-૧૧૭૫-૮૦૬૫૬-કમાં સુધારો કરી સરકારે સમગ્ર ગુજરાત રાજ્યની વિવિધ જીલ્લા શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની બુનિયાદી અને બિન-બુનિયાદી તમામ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકો નિમવા માટે સને ૧૯૮૦ના શૈક્ષણિક વર્ષથી એટલે કે, જુન ૧૯૮૦થી નીચેનું માળખું અપનાવવાનું ઠરાવ્યું છે :—

| ધોરણ | જે તે વર્ષની ૩૦મી સપ્ટેમ્બરના રોજ નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૯૦ ટકા | કેટલા શિક્ષકો નિમી શકાય. |
|---|---|---|
| ધોરણ ૧ અને ૨ (બંને ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ગણત્રીમાં લેવાનો છે). | ૫૦ સુધી | ૧ |
| | ૬૦ થી ૧૦૦ સુધી | ૨ |
| | ૧૦૧ થી ૧૫૦ સુધી | ૩ |
| | ૧૫૧ વિદ્યાર્થીએ અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવાપાત્ર થશે. | ૪ |
| ધોરણ ૩ અને ૪ (બંને ધોરણોના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ગણત્રીમાં લેવાનો છે). | ૧૫ થી ૪૦ સુધી | ૧ |
| | ૫૧ થી ૧૦૦ સુધી | ૨ |
| | ૧૦૧ થી ૧૫૦ સુધી અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવાપાત્ર થશે. | ૩ |
| ધોરણ ૫, ૬ અને ૭ પ્રત્યેક વર્ગ દીઠ | ૧૫ થી ૪૦ સુધી | ૧ |
| | ૫૧ થી ૧૦૦ સુધી અને તે મુજબ દર ૫૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળવા-પાત્ર થશે. | ૨ |

ધોરણ ૧ અને ૨ અને ૩ અને ૪માં બંને ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યાનો સરવાળો ધ્યાનમાં લેવાનો પ્રમાણમાં શિક્ષકો મંજુર કરી શકાશે વર્ગવાર શિક્ષક મળી શકશે નહી.

૯૦ ટકા સંખ્યાને ગણત્રી કરતાં જો ૦.૫ કે તેથી વધારે સંખ્યા આવે તો પૂર્ણ સંખ્યા ધ્યાનમાં લેવી. કોઈપણ શાખામાં ઠરાવેલ ધોરણો મળી શકે તે શિક્ષકોની સંખ્યા કરતાં વધારે સંખ્યામાં શિક્ષકો હશે તો જીલ્લા-તાલુકાની એકંદરે મંજુર સંખ્યાબળના આધારે વ્યાજબી ઠરાવી શકાશે નહીં. કોઈપણ શાળામાં ઠરાવેલ ધોરણ કરતાં ૫ ટકા વધુ અથવા ૫ ટકા ઓછા વિદ્યાર્થીઓની સંખ્યા થાય તો ઓવર-સેટઅપ અથવા અંડર સેટઅપ ગણાશે નહીં.

વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લીધા સિવાય એક શિક્ષકવાળી ધોરણ ૩ અને ૪ સુધીની શાળાદીઠ બીજો શિક્ષક વિદ્યાર્થીઓની સંખ્યા ૫૧થી વધે ત્યારે મળવાપાત્ર થશે.

૨૦૦ અથવા તે ઉપરાંતની પ્રવેશ સંખ્યા ધરાવતી શાળાઓ માટેની નીચે મુજબના વધારાના (વધુમાં વધુ ત્રણ શિક્ષક) મળવાપાત્ર થશે.

| વિદ્યાર્થીઓની સંખ્યા | મળવાપાત્ર શિક્ષકો |
|---|---|
| ૨૦૦ થી ૫૦૦ સુધી | ૧ |
| ૫૦૧ થી ૧૦૦૦ સુધી | ૨ |
| ૧૦૦૦ થી વધારે | ૩ |

રાજ્યની તમામ જીલ્લા શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓએ ઉપરના હુકમોને અમલમાં મુકી તેનું ચુસ્તપણે પાલન કરવું તથા ઉપરના ફકરામાં નક્કી કરેલા પ્રમાણને અનુલક્ષીને જ ભવિષ્યમાં વધારાના શિક્ષકો મંજુર કરાવવા. આમ છતાં તા. ૧--૧--૮૦ની સ્થિતિએ સમિતિમાં મંજુર કરેલા શિક્ષકોની સંખ્યા ઉપરની પ્રમાણસુચિ કરતાં વધી જાય તો સમિતિએ આવા વધારાના શિક્ષકો મંજુર કરાવતી વેળાએ આવી વધારાની સંખ્યાનો મેળ કરવો. આ હુકમોના અમલને કારણે કોઈપણ શિક્ષકને છુટા કરાશે નહીં

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૦--૯--૮૦ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

મ. ગ. શાહ,
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક અને પ્રૌઢ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, જીલ્લા શિક્ષણ સમિતિ,
તમામ શાસનાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ,
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ--રાજકોટ,
એકઝામીનરશ્રી, લોકલ ફંડ એકાઉન્ટન્ટ, અમદાવાદ (વધારાની ૨૦ નકલો સાથે).
પે એન્ડ એકાઉન્ટસ ઓફીસ, અમદાવાદ--ગાંધીનગર,
'ચ' શાખા તથા 'ફ' શાખા, શિક્ષણ વિભાગ,
સિલેકટ ફાઈલ.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.